eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 317
June 22, 2012

## માહે મે ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૨ દરમ્યાન ૩૬૮૧ ઈન્ડોર તથા ૩૭૨૨૨ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૬૫૯ તથા ૫૩૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૫/૦૬/૨૦૧૨ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને કૃદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/બચાવ કાર્યમાં સહભાગી થવા આપત્તિ વ્યવસ્થાપનની ભાગરૂપે બચાવ રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં કયા પ્રકારની કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની મીટીંગ તા.૧૫/૦૬/૧૨, શુક્રવારના રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ પ્રાથમિક વિભાગની, તા. ૩૦/૦૬/૨૦૧૨ ના રોજ માધ્યમિક વિભાગની અને તા. ૦૨/૦૭/૨૦૧૨ ના રોજ ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકથી સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કુલ નં. ૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "શુક્રનું સંક્રમણ" – એક અદભૂત ખગોળીય ઘટના

તા. ૬ જૂન ૨૦૧૨ ના રોજ જવલ્લેજ બનતી ખગોળીય ઘટના એશીયાખંડમાં દેખાયેલી હતી, જેમાં શુક્ર સૂર્યની તકતી સામેથી પસાર થયેલ હતો (Transit of Venus). શુક્રનું સંક્રમણએ ખૂબજ ઓછી અને પૂર્વ નિર્ધારિત ખગોળીય ઘટના છે. સૂર્ય અને પૃથ્વીની વચ્ચે શુક્ર ગ્રહના આવવાથી શુક્રનું સંક્રમણ થાય છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે મે ૨૦૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૨ દરમ્યાન ૩૬૮૧ ઈન્ડોર તથા ૩૭૨૨૨ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૬૫૯ તથા ૫૩૮ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૯૭૦ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી. ના નવા ૭૨૪ અને જુના ૧૩૬૯ દર્દીઓ સહીત કુલ ૨૦૯૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૪૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૨૭ તથા આંખ વિભાગમાં ૨૩૭૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૨૯૯૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## તા.૧૫/૦૬/૨૦૧૨ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન ખાતે વાવાઝોડાં, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ માનવસર્જિત આફતની પરિસ્થિતિ સર્જાય ત્યારે જરૂરી સેવા/સહાય મળી રહી રહે તે માટેની વ્યવસ્થા કરવા અંગેની મીટીંગ




સુરત મહાનગરપાલિકા ધ્વારા વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને કૃદરતી તેમજ માનવસર્જિત આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/બચાવ કાર્યમાં સહભાગી થવા આપત્તિ વ્યવસ્થાપનની ભાગરૂપે બચાવ રાહત તેમજ પુનર્વસનની કામગીરી સરળ અને ઝડપી બને તે હેતુસર કયા વિસ્તારમાં કયા પ્રકારની કેટલા પ્રમાણમાં સેવા/સહાય પુરી પાડવા સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ઈચ્છુક છે તે સુનિશ્ચિત કરવા તેમજ પરસ્પર જાણકારી ઉપલબ્ધ થાય તે હેતુસર એક અગત્યની મીટીંગ તા.૧૫/૦૬/૧૨, શુક્રવારના રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવેલ. શુભારંભ પ્રસંગે ડે.કમિશનરશ્રી (સ્પે.) ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સુરત શહેર આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતું શહેર છે. આ શહેર ઉપર જયારે પણ કોઈ પણ પ્રકારની આપત્તિ આવે તેનો સામનો કરી ખુબ જ ઝડપથી આ શહેર ફરી ધમધમતું થઈ જાય છે. જે આ શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરી તેમજ વિવિધ સરકારી તંત્રોની સાથે ઝોન કક્ષાએ બેઠકો યોજી આવા સમયે સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રિ–મોન્સુનની પૂર્વ તૈયારીના ભાગરૂપે શહેરને ઉપયોગી નીવડે તેવા સુચનો કર્યા હતા.

આ પ્રસંગે મા.કમિશનરશ્રી એમ.કે.દાસે જણાવ્યું હતું કે શહેરના નીચાણવાળા ભાગમાં તેમજ ખાડી પુરની પરિસ્થિતિ સર્જાય તો આ પરિસ્થિતિને કઈ રીતે પહોંચી વળવું તેમજ સેવાભાવી સંસ્થાઓ સાથે સરકારી તંત્ર સાથે સંકલનમાં રહી ફલડ કંટ્રોલ જેવા રૂમો તૈયાર કરી પુરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સેવાભાવી સંસ્થાઓને સંપૂર્ણ તન મન ધનથી સેવા કરી આવી કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવા માટે સૌનો સાથ સહકાર રહેશે એવી અપેક્ષા રાખી હતી.

કાર્યપાલક ઈજનેરશ્રી ઈ.એચ.પઠાણ ધ્વારા પ્રેઝન્ટેશન રજુ કરી શહેરમાં નદીપુર, ખાડીપુર તથા ભારે વરસાદની પરિસ્થિતિ તથા પાણીના ભરાવાને કારણે થતી સંભવિત અસરો સંદર્ભે મહનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ પૂર્વ તૈયારી જેવી કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પ્રિપેર્ડનેશ પ્લાનની વિગતો અદ્યતન કરી મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ પૈકી કોણ, કયાં, શું કામગીરી કરશે તથા નિશ્ચિત કરવામાં આવેલ વિગતો ફલડગેટ, વાહન મશીનરીઓ, જનરેટરસેટ વગેરેના સર્વિસીંગ/મેન્ટેનન્સ તથા જરૂરી મટીરીયલનો સ્ટોક ઝોન કક્ષાએ તેમજ વોર્ડ વાઈઝ તૈયાર કરાવવા તથા નીચાણવાળા ભાગમાં પાણી ભરાય જાય તો રાહત કેન્દ્રની છાવણી ઉભી કરાવવી. જે જરૂરિયાત મુજબની ચીજવસ્તુ પુરી પાડવા સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલનમાં રહી આવી પરિસ્થિતિને પહોંચી વળવા સંસ્થાની યાદી તૈયાર કરી વિવિધ કામગીરી કરાવવા અંગેનો પણ સુચન કરવામાં આવ્યું છે.

નાયબઆરોગ્ય અધિકારીશ્રી ડો.ખત્રીએ જણાવ્યું હતું કે શહેરમાં પુર કે આપત્તિકાળ દરમ્યાન કે ભારે વરસાદની પરિસ્થિતિ સર્જાય તે સમયે શહેરમાં પાણી જન્ય રોગો, કીટકજન્ય રોગો, વાઈરલ ફીવર, લેપ્ટો જેવા રોગને કાબુમાં લેવાના માટે આરોગ્ય વિભાગની પુર્વ તૈયારી રૂપે શહેરમાં પુરની પરિસ્થિતિ થાળે પડતાંની સાથે જ શહેરમાં સાફ–સફાઈને અગ્રિમતા આપતા પ્રથમ તો મરેલા જાનવરો અને સડેલા અનાજનો નિકાલ કરવા માટે દરેક ઝોન વાઈઝ તેમજ વોર્ડ મુજબ કામગીરી થઈ શકે તે હેતુથી ટીમ બનાવવી કામગીરી કરાવવા માટે તેમજ દરેક સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્ર પર અસરગ્રસ્ત વિસ્તારના નાગરિકોને રાહતદરે સારવાર મળી રહે જે માટે મેડીકલ ટીમોનું આયોજન કરવામાં આવેલ છે.

**Continue …**

લિંબાયત ઝોનના ઝોનલ ચીફશ્રી ડી.એ. હરપ્લાનીએ જણાવ્યું કે ખાડીપુરએ શહેરનાં ઉધના,લિંબાયત,અઠવા એમ ત્રણ ઝોનને અસર કરે છે. જે ધ્યાને લઈ લીંબાયત ઝોન વિસ્તારમાં ૧૧ વિવિધ સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે. જયાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાય છે. કેટલું ભરાશે, કેટલા લોકોનું કયા સ્થળાંતર કરવું, તેઓને જીવન જરૂરિયાતની ચીજવસ્તું તેમજ પાણી,ફુડ પેકેટ જેવી આવશ્યક ચીજવસ્તુ મળી રહે જે આશયથી સોભાવી સંસ્થાનો સંપર્ક કરી વિતરણ કરવા પ્રબંધ કરાવવો. તેમજ જયાં જયાં પાણીનો ભરાવો રહે ત્યાં તાકીદે પાણીનો નિકાલ કરવા માટે પંપો, જનરેટરો મુકી નિકાલ કરવા માટે સુચન કરેલ છે.

રાંદેર ઝોનના ઝોનલ શ્રી ડી.એમ.જરીવાલાએ જણાવ્યું હતું કે જયારેપણ તાપી નદીમા પુર આવે છે તે સમયે રાંદેર ઝોન, સેન્ટ્રલ ઝોનને સૌથી વધુ નુકશાન થાય છે. જેની અસરો વરીયાવ, જહાંગીરપુરા, રાંદેર, ગોરાટ વિસ્તારના રહીશોને થતી હોય છે.  હાલમાં તાપી તટેથી વસેલી ઝુંપડપટ્ટીને ખસેડીને ખુબ જ સારી જગ્યાએ સ્થળાંતર કરે છે. જેના માટે જે પ્રતિવર્ષે જે પુર અસર ગ્રસ્તોને ખસેડવાની કામગીરી કરવી પડતી હતી. જે હવે કરવાની રહતી નથી. જેથી માનવ કલાકોની બચત થાય છે. તેમજ તાપી પાળાઓ લાઈનો નાખી પુર અટકાવવા સુવ્યવસ્થિત આયોજન હાથ ધરેલ છે.

પ્રેઝન્ટેશન પૂર્ણ થતાં ઉપસ્થિત રહેલ સ્વૈચ્છિક સંસ્થાના હોદેદારો ધ્વારા મહાનગરપાલિકાના કાર્યમાં સંપૂર્ણ સાથ સહકારની ખાત્રી આપવામાં આવી હતી. તેમજ તેઓ ધ્વારા સુચનો જેવા કે

—પુર જેવી પરિસ્થિતિ ઉદભવે તેવા સમયે રાહત બચાવની કામગીરી માટે પુરતાં પ્રમાણમાં બોટ તથા કુશળ તરવૈયાની વ્યવસ્થા કરવી જોઈએ.

—પુરનાં સમયે એકબીજાની નૈતિક ફરજ સમજી નિરાધાર કે દુ:ખી માણસોની મદદરૂપ બનવા સહકારની ભાવના બતાવવી. તેમજ શીફટીંગ થયેલ વ્યકિતને જરૂરી સેનીટેશન પુરી પાડવાની ભાવના રાખવી.

—મેડીકલ એસોસીએશન સ્તરે મીટીંગનું આયોજન કરવું જોઈએ.

—દ.ગુ.વીજકંપની ધ્વારા પુરો પાડવામાં આવતો વિદ્યુત પ્રવાહ ભારે વરસાદમાં બંધ થઈ જાય છે. જેની માહિતીથી વાકેફ કરવા ઈલેકટ્રોનીકસ મીડીયા ધ્વારા માહિતી જેવાં કે રેડિયો એફ.એમ. ધ્વારા જાણી શકાય. જે માટે સંકલન કરવા જરૂરી જણાય છે.  પુરની પરિસ્થિતિના સમયે બીમાર વ્યકિતને/સગર્ભા સ્ત્રીઓ સમયસર સારવાર મળી રહે તે માટે ખાસ યાંત્રિક બોટની વ્યવસ્થા કરવી જોઈએ.

—પુર સમયે શહેરનાં કયા વિસ્તારમાં કેટલું પાણી આવશે, કયા સમયે આવશે તથા કયા વિસ્તારને આ પાણીની અસર થશે જે આજના ઈલેકટ્રીક યુગમાં સેટેલાઈટ ધ્વારા જાણી તેની તાત્કાલિક પ્રજાજનોને જાણકારી મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

—પુરના પાણી જયારે પણ છોડવામાં આવે છે ત્યારે આ પાણી ખુબ જ વેસ્ટેજ રીતે સમુદ્રમાં વહી જાય છે. જેને અમુક કેનાલોમાં વાળી આ પાણીનો સારામાં સારો ઉપયોગ કરવા જણાવ્યું.

મા.મેયરશ્રીએ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે બહુજન હિતાય, બહુજન સુખાયના સુત્ર સાથે આજના સુરત મહાનગરપાલિકાની ડિઝાસ્ટર મીટીંગમાં સેવાભાવી સંસ્થાઓ સાથે મળી ઝાઝા હાથ રળિયામણાના સુત્રોની સાથો સાથ મા.મુખ્યમંત્રીશ્રીએ આપેલ સુત્ર મુજબ સૌનો સાથ,સૌનો વિકાસ. આપત્તિનાં સમયે સૌ એ એક થઈ સંપત્તિ જાન માલની નુકશાનીમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય. જેથી લોકોને આવી પુરની પરિસ્થિતિ સર્જાય તો તેની સામે પહોંચી વળવા માટે દરેક નાગરિકને પ્રભુ શકિત આપે એવી અપેક્ષા.

સદર કાર્યક્રમમાં સ્થાયી અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ રાયકા, વિવિધ સેવાભાવી સંસ્થાના હોદેદારો/પ્રતિનિધિઓ, વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ  તેમજ વોર્ડ સદસ્યોશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા શહેરનાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**TOP**

## સુરત મહાનગરપાલિકા દ્વારા મહેંદી સ્પર્ધા અને ગોરમા ગીત સ્પર્ધાનું આયોજન

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ **પ્રાથમિક વિભાગની**, તા. ૩૦/૦૬/૨૦૧૨ ના રોજ **માધ્યમિક વિભાગની** અને તા. ૦૨/૦૭/૨૦૧૨ ના રોજ **ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાનું** આયોજન સવારે ૧૦.૦૦ કલાકથી **સુરત મહાનગરપાલિકાના કોમ્યુનીટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કુલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત** ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની પ્રાથમિક/માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં સુરત શહેરમાં રહેતી યુવતીઓ તેમજ મહિલાઓ ભાગ લઈ શકશે. તા. ૦૩/૦૭/૨૦૧૨ ના રોજ સવારે ૯.૦૦ કલાકે **ગોરમાગીત** સ્પર્ધાનું આયોજન **ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગઉપવન), ચોકબજાર,સુરત** ખાતે કરવામાં આવેલ છે.ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની ૮ થી ૧૩ વર્ષની વિદ્યાર્થીની(કન્યા)ઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેનાં પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા. ૨૬/૦૬/૨૦૧૨ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે.

TOP

## "શુક્રનું સંક્રમણ" – એક અદભૂત ખગોળીય ઘટના

તા. ૬ જૂન ૨૦૧૨ ના રોજ જવલ્લે જ બનતી ખગોળીય ઘટના એશીયાખંડમાં દેખાયેલી હતી, જેમાં શુક્ર સૂર્યની તકતી સામેથી પસાર થયેલ હતો (Transit of Venus). શુક્રનું સંક્રમણએ ખૂબજ ઓછી અને પૂર્વ નિર્ધારિત ખગોળીય ઘટના છે. સૂર્ય અને પૃથ્વીની વચ્ચે શુક્ર ગ્રહના આવવાથી શુક્રનું સંક્રમણ થાય છે. શુક્ર એ સૂર્યમંડળમાં બીજા નંબરનો સૂર્યથી નજીકનો ગ્રહ છે. એ પૃથ્વીથી બીજા કોઈ ગ્રહની સરખામણીએ સૌથી નજીકનો ગ્રહ છે. સૂર્ય અને ચંદ્રને બાદ કરતા શુક્ર એ આકાશમાં સૌથી વધુ તેજસ્વીતા ધરાવે છે. સૂર્ય, શુક્ર અને પૃથ્વી એક સીધી લીટીમાં આવે ત્યારેજ શુક્રનું સંક્રમણ સંભવી શકે છે. પૃથ્વી અને શુક્રની ભ્રમણકક્ષામાં લગભગ ૩ ડીગ્રીનો તફાવત છે જેથી આ પ્રકારની સીધી રેખામાં આવવું એ ખૂબજ ઓછી વાર બને છે. આ ઘટના હંમેશા જોડીમાં જ ઉદ્દભવે છે, જે જોડીનો સમયગાળો ૮(આઠ) વર્ષ હોય છે તથા આ જોડી સદીમાં એક જ વાર ઉદ્દભવે છે. આ સદીમાં ૨૦૦૪ માં શુક્રનું સંક્રમણ જોવા મળ્યુ હતુ જે ૮(આઠ) વર્ષ બાદ તા. ૬–૬–૨૦૧૨ ના રોજ ફરીવાર જોવા મળ્યું હતું જે આ સદીનું છેલ્લું શુક્રનું સંક્રમણ હતું. આ પ્રકારની ખગોળીય ઘટના હવે પછી ૧૦૫ વર્ષ બાદ અવકાશમાં દેખાવાની છે, જે ડીસેમ્બર ૨૧૧૭ માં જોવા મળશે. સંક્રમણ દરમ્યાન શુક્રનું સૂર્યની તકતી સાથેના બીજા અને ત્રીજા સ્પર્શ દરમ્યાન એક કાળારંગના આંસુ જેવો એક નાનો ભાગ દેખાય છે. જેને બ્લેક ડ્રોપ કહે છે. ટેલીસ્કોપની શોધ પછી આજદિન સુધી ફક્ત આઠ (૮) શુક્ર સંક્રમણ થયા હોવાની બાબત આ ઘટનાને ખુબ ખાસ બનાવે છે.

આ ઘટના સંદર્ભે સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે જાહેર જનતાને શુક્રના સંક્રમણ વિશે જાગૃતિ આપવા તા.૨૫, ૨૬, ૨૭ મે ૨૦૧૨ અને તા.૨, ૩ જૂન ૨૦૧૨ ના રોજ નિઃશુલ્ક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ વર્કશોપના ભાગરૂપે સાયન્સ સેન્ટરના ઓડીટોરીયમમાં ભારત સરકાર સંચાલિત "વિજ્ઞાન પ્રસાર" વિભાગ દ્વારા આપવામાં આવેલ શુક્રનું સંક્રમણ સમજાવતી ફિલ્મ બતાવવામાં આવી હતી જેમાં શુક્ર ગ્રહ વિશેની માહિતી, ગ્રહણ અને સંક્રમણ વચ્ચેનો તફાવત, શુક્રના સંક્રમણનો ઈતિહાસ, ભૂતકાળમાં વૈજ્ઞાનિકો દ્વારા આ ઘટના જોવા માટે કરવામાં આવેલ પ્રયાસો તથા સંક્રમણ થવાનું કારણ અને તેનો અંતરાલ જેવી બાબતોની વિસ્તૃત માહિતી લોકોને આપવામાં આવી હતી અને વિજ્ઞાન પ્રસારણ વિભાગ દ્વારા આપવામાં આવેલ કીટસનું વિનામુલ્યે વિતરણ પણ કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત સાયન્સ સેન્ટરના સ્ટાફ દ્વારા સૂર્યમંડળ અને સંક્રમણની ઘટના વિશે "Nano Sun" ના મોડેલ દ્વારા સમજ આપવામાં આવી હતી. તે ઉપરાંત શુક્રના સંક્રમણને સુરક્ષિત રીતે નિહાળવા માટેની વિવિધ રીતો સમજાવવામાં આવી હતી. જેમાં મિરર બોલ પ્રોજેકશન દ્વારા શુક્રનું સંક્રમણ કઈ રીતે જોઈ શકાય તેની સમજ તથા તે બનાવવાની રીત પણ શીખવવામાં આવી હતી જેથી ભાગ લેનાર બાળકો/ વ્યકિતઓ જાતે આ સાધન બનાવી શુક્રનું સંક્રમણ જોઈ શકે. સૂર્યના પારજાંબલી કિરણોથી બચવા વપરાતા સોલાર ફિલ્ટરનો ઉપયોગ કરી શુક્રનું સંક્રમણ નિહાળવા તેની સમજ તથા વ્યકિતગત નિદર્શન સાયન્સ સેન્ટરના સ્ટાફ દ્વારા આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ૪૦૦ થી વધુ લોકોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

શુક્રના સંક્રમણ વિશે જાગૃતિ ફેલાવવા માટે એપ્રિલ ૨૦૧૨ થી સાયન્સ સેન્ટર સુરતની મુલાકાતે આવનાર મુલાકાતીઓને Infovision Pvt.Ltd., Bombay દ્વારા તૈયાર કરવામાં આવેલ Transit of Venus ની ફિલ્મ પણ બતાવવામાં આવી હતી તથા પ્લેનેટોરીયમ ગાઈડ દ્વારા આ ઘટના અંગે સમજ પણ આપવામાં આવી હતી.

તા. ૬–૬–૨૦૧૨ ના રોજ સાયન્સ સેન્ટર સુરત ખાતેથી આ ઘટનાનું ટેલીસ્કોપ તેમજ વેબ કેમેરા દ્વારા પ્રોજેકશન કરવામાં આવ્યું હતું અને ઈન્ટરનેટના માધ્યમ દ્વારા NASA દ્વારા પ્રસારિત જીવંત પ્રસારણને પ્રોજેકટરની મદદથી પ્રોજેકટ કરી જાહેર જનતાને નિદર્શન કરાવવામાં આવેલ હતું. ઉપરાંત સોલાર ફીલ્ટર દ્વારા જાહેર જનતાને આ ઘટનાનું પ્રત્યક્ષ દર્શન પણ કરાવવામાં આવ્યું હતું. આ ખગોળીય ઘટના નિહાળવા મા. કમિશનરશ્રી એમ.કે.દાસ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉવર્શીબેન રામીમાળી, મા. ડે. કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ તથા તેમની સાથે દિલ્હીથી પધારેલ જે.એન.એન.યુ.આર.એમ. ના શ્રી નેગી સાહેબ અને અન્ય અધિકારીશ્રીઓ, જાહેર જનતા, બાળકો, વિદ્યાર્થીઓ સહિત ૧૬૦૦ થી વધુ લોકોએ આ અદ્વિતિય ઘટના નિહાળી હતી.

**Continue …**



"Nano Sun" ના મોડેલ દ્વારા સમર કેમ્પના બાળકોને સૂર્ય અને પૃથ્વીના કદની સરખામણી સમજાવતા સાયન્સ સેન્ટર સ્ટાફ



"Nano Sun" ના મોડેલ દ્વારા સમર કેમ્પના બાળકોને સૂર્ય મંડળની સમજ આપતા સાયન્સ સેન્ટર સ્ટાફ



પ્રકાશના પરાવર્તન દ્વારા પ્રકાશના સ્ત્રોત (સૂર્ય) ના આકારની સમજ આપતા સાયન્સ સેન્ટર સ્ટાફ



'મિરર બોલ પ્રોજેકશન' સમજાવતા સાયન્સ સેન્ટર સ્ટાફ



'સોલાર ફિલ્ટર' નો શુક્રના સંક્રમણ સમયે કેવીરીતે ઉપયોગ કરવો તે સમજાવી પ્રત્યક્ષ અનુભવ આપતા સાયન્સ સેન્ટર સ્ટાફ



વિજ્ઞાન પ્રસાર દ્વારા આપેલ ફિલ્મ "Transit of Venus - ૨૦૧૨" માણતી જાહેર જનતા

**Continue …**



અદભૂત અને દુર્લભ "બ્લેકડ્રોપ ઈફેક્ટ" માણતા ઉત્સાહી શહેરીજનો



સોલાર ફિલ્ટરથી સૂર્ય નિહાળતા વર્કશોપમાં ભાગ લેનાર લોકો



સોલાર ફિલ્ટર શુક્રનું સંક્રમણ માણતી જાહેર જનતા




શુક્રનું સંક્રમણ બતાવવા તૈયાર કરેલા ટેલીસ્કોપ અને પ્રોજેક્ટર



શુક્રનું સંક્રમણ નિહાળતા નવયુવાનો



શુક્રનું સંક્રમણ નિહાળતી ત્રણ પેઢી

**Continue …**



શુક્રનું સંક્રમણ નિહાળતા મહાનુભવો



ઉત્સાહ પૂર્વક ખગોળીય ઘટના નિહાળતા શહેરીજનો



શુક્રના સંક્રમણનું રસદર્શન કરતી ભારે જનમેદની



શુક્રનું સંક્રમણ નિહાળતા મા.મ્યુ.કમિશ્નરશ્રી એમ. કે. દાસ



મા.મ્યુ.કમિશ્નરશ્રી તેમજ વહેલી સવારથી ઉપસ્થિત રહી
શુક્રના સંક્રમણને માણતા જિજ્ઞાસુ શહેરીજનો



શુક્રના સંક્રમણનું પ્રોજેકશન નિહાળતા મા.મ્યુ.કમિશ્નરશ્રી
એમ.કે.દાસ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન
રામીમાળી તથા મા.ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ

TOP